ગુજરાત રાજયમાંની વિચરતી જાતિ (નોમેડિક ટ્રાઇબ્ઝ)અને વિમુકત જાતિ (ડીનોટીફાઇડ ટ્રાઇબ્ઝ) ની સુચિઓનાં એકીકરણમાંથી કોળી જાતિને રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ,
ઠરાવ નં.ડીએનટી-૧૦૭૭-૫૨૬૦૦-જ સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૮-૧૧-૭૮

વંચાણમાં લીધુ :-

૧. શિક્ષણ અને મજુર ખાતાનો ઠરાવ નં.ડીએનટી-એનટીડબલ્યુ-૨૦૬૨-સી-૫૦૫-જી તા.૩૦ મો માર્ચ ૧૯૬૩

૨. સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનો તા. ૧-૧૧-૭૭ નો નિ.પ.નં.સક-જનરલ-૨-૨૧૦-૧૦૨-૩૧૩૭ તથા તા.૩૧-૧-૭૮ ના પત્ર નં.સક-જનરલ-૨-૧૦૨-૭૮-૩૮૨૭

ઠરાવ :-

ત્રીજી પંચવર્ષિય યોજનાની પછાતવર્ગ વિભાગમાં સમાવિષ્ટ કરેલી યોજનાના હેતુ માટે વિમુકત જાતિઓ અને વિચરતી જાતિઓને પછાતવર્ગના જુદા જુદા વિભાગ તરીકે ગણવામાં આવતા હતા. તેથી સમગ્ર રાજય માટે આ કોમોની એકીકૃત સુચિઓ તૈયાર કરવાની જરુર જણાઇ હતી. આવી સુચિઓ તૈયાર કરવા માટે સમાજ કલ્યાણ નિયામકશ્રીની કચેરીઓમાં ખાસ અધિકારીને નિમણુંક કરવામાં આવી હતી. ખાસ અધિકારીએ રજુ કરેલાં અહેવાલની કાળજીભરી વિચારણા કર્યા બાદ શિક્ષણ અને મજુર વિભાગના તા.૩૦-૩-૬૩ નાં ઠરાવ સાથે જોડેલાં વિવરણ પત્રકો (ક) અને (ખ)મા દર્શાવેલી કોમોને તા.૧ લી એપ્રિલ-૧૯૬૩ ના રોજ અને તે દિવસથી અમલ થાય તે રીતે સમગ્ર ગુજરાત રાજય માટે અનુક્રમે વિમુકત જાતિઓ DNT (ડીનોટીફાઇડ)ટ્રાઇબ્ઝ) અને વિચરતી જાતિઓ (નોમેડીક ટ્રાઇબ્ઝ) NT તરીકે વર્ગીકૃત કરી માન્ય કરવાનું નકકી કરવામાં આવેલ છે.

૧૧

૪૨૪

ઉકત તા.૩૦-૩-૬૩ ના સરકારી ઠરાવના વિવરણ પત્રક-ક માં
અનુક્રમે નં. ૧૨ '' કોળી '' (ફકત કચ્છ જીલ્લાના રાપર અને ભચાઉ
તાલુકામાં )નો સમાવેશ વિમુકત જાતિમાં કરેલ છે. જયારે કેન્દ્ર
સરકારનાં અનુસુચિત જાતિ-જનજાતિ આદેશ ૧૯૫૦ અનુસુચિત જાતિ અને
અનુ.જનજાતિ આદેશ )સુધારો અધિનિયમ-૧૯૭૬ માં કચ્છ જીલ્લામાં
કોળી જાતિને અનુસુચિત જનજાતિમાં ગણેલ છે. એટલે તેઓને કચ્છ
જીલ્લાનાં કોળી જાતિનાં લોકોને અનુસુચિત જનજાતિ તરીકેના
સરકાર તરફથી મળતાં તમામ સવલતો અને લાભો મળવાપાત્ર બને છે.
આમ કચ્છ જીલ્લામાં રાપર અને ભચાઉ તાલુકામાંનાં કોળી જાતિ
વિમુકત જાતિમાં સમાવેશ થયેલ છે. તે ચાલુ રાખવાની જરુર જણાત
નથી. આથી આ વિસ્તારનાં કોળી જાતિના લોકોને વિમુકત જ
યાદીમાંથી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(સેકશન અધિકારી)
મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ.

પ્રતિ,